નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ ખાતે કોમ્પ્યુટર તાલીમ શિક્ષકની કરાર આધારીત સેવાઓ ૧૧ માસ માટે લેવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/ANS/e-file/17/2022/0075/A Section
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૧/૨૦૨૬

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૫/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૩/૨૦૨૫ નો સમાનાંકી ઠરાવ

(૩)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૬/૧૨/૨૦૨૫ નો પત્રાંક: DDCW/Outsource/e-file/225/2024/0557/Administrative

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં કોમ્પ્યુટર તાલીમ શિક્ષકને સેવાઓ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજૂરી અપવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ૩૩ કોમ્પ્યુટર તાલીમ શિક્ષકોની સેવાઓ તા.૦૭/૦૩/૨૦૨૫ થી ૧૧ માસ માટે આઉટસોર્સથી લેવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની મુદ્દત સમાપ્ત થનાર હોઈ, વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી સદરહુ ૩૩ કોમ્પ્યુટર તાલીમ શિક્ષકોની સેવાઓને તા.૦૬/૦૨/૨૦૨૬ થી ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ૩૩ કોમ્પ્યુટર તાલીમ શિક્ષકોની સેવાઓને તા.૦૬/૦૨/૨૦૨૬ થી ૧૧ માસ માટે નીચેની શરતોને આધીન આઉટસોર્સથી લેવાની મંજૂરી આપવામાં આવે છે.

(૧) લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલું જ મહેનતાણું કોમ્પ્યુટર તાલીમ શિક્ષકને ચૂકવવાનું રહેશે.

(૨) જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા કોમ્પ્યુટર તાલીમ શિક્ષકના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી

પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૨. વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ઈ–ફાઈલ પર નાણા વિભાગની તા.૨૪/૦૧/૨૦૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી (સા.ન્યા. અને અધિ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી (ઝ–૧ શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબ – સાઈટ પર અપલોડ કરવા સારૂ )
- શાખા સિલેક્ટ ફાઈલ–૨૦૨૬